આપણું પોતાનું અખબાર

આપણે આપણી જાતના સ્વામી એટલા માટે બનવું જોઇએ, જેથી આપણે બીજાના સેવક બની શકીએ
- જ્ઞાનસૂત્ર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭૩ | ૪ સપ્ટેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર; ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરના મતદારો માટે સ્માર્ટ વૉટર કાર્ડ

## ગાંધીનગર (ઉત્તર) અને પાટણ મતવિસ્તારની પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી : વાવોલમાં કામગીરીનો આરંભ થયો

ગાંધીનગર, તા. ૩

કેન્દ્રીય ચૂંટણી પંચે મતદારોના ઓળકકાર્ડને પણ સ્માર્ટકાર્ડનું રૂપ આપવાનો નિર્ણય કર્યો છે તેના અમલીકરણના ભાગરૂપે ગાંધીનગર (ઉ) અને પાટણ વિધાનસભા મતવિસ્તારની પસંદગી કરી છે.

સ્માર્ટ મતદાર કાર્ડની કિંમત રૂ. ૩૦ રાખવામાં આવી છે. જે વૉટર પ્રુફીંગ કાર્ડ છે તેમજ ડ્રાયવીંગ લાયસન્સ જેટલી જ સાઈઝનું કલરીંગ બનશે.

આ પાયલોટ પ્રોજેક્ટ માટે હાલ ગાંધીનગર (ઉ) વિધાનસભાના પાંચ ગામ વાવોલ, રાંધેજા, રૂપાલ, સરઢવ, મોટી આદરજની પસંદગી કરવામાં આવી છે. જે પૈકી વાવોલ ખાતે આ સ્માર્ટ ઈલેક્શન આઈ કાર્ડ આપવાની કામગીરી શરૂ પણ કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટને પ્રતિસાદ કેવો મળે છે તે જોયા બાદ તે રાજ્યમાં અમલી બનશે. મળતી વિગતો પ્રમાણે આ પાયલોટ પ્રોજેક્ટમાં મતદારે પોતાનુ જુનુ ઓળખકાર્ડ જમા કરાવવાનું રહેશે. આ માટે એક ખાનગી એજન્સીને જવાબદારી સોંપવામાં આવી છે. હાલ પાયલોટ પ્રોજેક્ટમાં ગાંધીનગર (ઉ)ના ૨૦ હજારથી વધુ મતદારોને આવરી લેવાનું લક્ષ્યાંક છે.

ગાંધીનગર (ઉ)ની બેઠક પર નોંધાયેલા મતદારોની સંખ્યા બે લાખથી વધુ છે.

મતદારોને આ નવું ઓળખકાર્ડ સાચવવામાં સરળતા રહે તેમજ તે કલરીંગ હોવાથી મતદાર યાદીના ફોટા સાથે મેળવવામાં પણ ઓછી તકલીફો પડશે તેમ મનાઈ રહ્યું છે. રાજ્યમાં મતદારયાદી ૧૦૦ ટકા ફોટાવાળી તૈયાર કરવામાં આવી છે. રાજ્યમાં ૯૯ ટકાથી પણ વધુ મતદારો પાસે ફોટો આઈ કાર્ડ છે. ચૂંટણીનું આ નવું ઓળખકાર્ડ આપવાનો પાયલોટ પ્રોજેક્ટ એક માસમાં જ પૂર્ણ કરવાનું હાલ આયોજન હોવાનું પંચના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર એ આમેય ચૂંટણીપંચના નવતર પ્રયોગો માટે શ્રેષ્ઠ ગણાય છે. લોકસભાની ચૂંટણીમાં ઈ.વી.એમ.નો સૌથી પહેલો પ્રયોગ ગાંધીનગરમાં થયો હતો. આ પછી આ ચૂંટણીમાં વી.વી.પેટના ઉપયોગ માટે પણ ગાંધીનગરની પસંદગી થઈ હતી. આમ સફળ પ્રયોગભૂમિ પંચની ગાંધીનગર રહી છે હવે સ્માર્ટ મતદાર કાર્ડ પણ ગાંધીનગરથી જ શરૂ થશે જે ઉલ્લેખનીય છે.



ચાલો હોડી-હોડી રમીએ - પાણી અને માટી સાથે લગાવ ધરાવતી બાળસહજ માનસિકતા તસવીરમાં પ્રસ્તુત થાય છે... વરસાદ પડે એટલે બાળકોને મજા પડે... પલળવાની મજા પડે, નાચવા, કૂદવા અને દોડવાની મજા પડે... હવે તો સૌથી વધુ મજા ત્યારે જ પડે કે જ્યારે પાણીનું ખાબોચિયું ભરાયું હોય અને કાગળની હોડી બનાવી એમાં તરાવવાની હોય ત્યારે બાળકની કલ્પના શક્તિની પરાકાષ્ટા અનુભવાય છે... થીયેટરમાં બેસી બાળકોના પિક્ચર જોવા સારી બાબત છે... પરંતુ આપણી આસપાસ રમતા-ભમતા બાળકોની કુતૂહલવૃત્તિ અને સર્જનશક્તિ અનુભવવાની દૃષ્ટિ આપણી જો કેળવાય તો જનરેશન ગેપની સમસ્યા મૂળમાં જ પૂર્ણ થઈ જાય... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ખેડા સરહદી ગામોમાં આરોગ્ય તંત્ર દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી

ગાંધીનગર, તા.૩

ચાંદીપુરમના મળેલા કેસ બાદ સફાળા જાગેલા તંત્રએ ખેડા જિલ્લાની સરહદે અડીને આવેલા ગામોમાં સઘન સર્વેલન્સ અને લોક જાગૃતિનું અભિયાન છેડયું છે.

મળતા અહેવાલો પ્રમાણે દહેગામ તાલુકાના કડાદરા અને દેવકરણના મુવાડા આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા ૧૬ જેટલા ગામોમાં તાજેતરમાં બાળકોની શાળામાં હાજરી, બાળકોમાં બિમારી તેમજ બાળકોના નોંધાયેલા મૃત્યુ સહિતની વિગતોને આવરી લેતુ સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે.

રાજય આરોગ્યતંત્રના સીધા માર્ગદર્શન તળે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શાળાઓમાં પણ તબીબોની ટીમો આજે પહોંચી હતી અને હેન્ડબિલનું વિતરણ કરાયું હતું તેમજ ચાંદીપુરમ શું છે તેની સમજ આપી કેવી કાળજી લેવી જોઈએ તેના પોસ્ટરો બતાવાયા હતા.

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ બાદ દેખાયેલા ચાંદીપુરમ ને લઈ હરકતમાં આવેલા તંત્રએ સઘન સર્વેલન્સ માટે ખાસ ટીમો બનાવી છે તેમજ તબીબી અધિકારીઓને પણ સ્કુલોની મુલાકાત લેવા જણાવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન અને જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણી આ લોક જાગૃતિ અભિયાન ઝુંબેશનું સીધું મોનીટરીંગ કરી રહ્યા છે.

આ ગામોમાં સ્હેજ પણ શંકાશીલ તાવ જેવું જણાય તો નજીકના સરકારી તબીબી અધિકારીને જણાવવા માટે લોકોને સમજાવવામાં આવી રહ્યું છે.

જિલ્લામાં આરોગ્યતંત્ર સબ સલામતની જે વાતો કરતું હતું તેની પોકળતા ખુલી પડી જવા પામી છે. તંત્ર એ હવે આ દિશામાં લોક જાગૃતિ અભિયાનની સાથેસાથે તમામ તબીબી અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે જણાવવામાં આવ્યું છે.

## ધરોઈ ડેમમાં જળસપાટી ૬૦૦ ફૂટને પાર

ગાંધીનગર, તા. ૩

ઉત્તર ગુજરાતના સૌથી મોટા ડેમ ધરોઈની સપાટી ૬૦૦ ફૂટને પાર કરી ગઈ છે. હાલ ડેમમાં છેલ્લા ચારેક દિવસથી થઈ રહેલા વરસાદને કારણે પાણીની આવક વધી છે.

મળતી વિગતો પ્રમાણે રાત્રે ૮.૩૦ કલાકે ડેમની સપાટી ૬૦૦.૮૯ પોઈંટ છે. જે ભયજનક સપાટી કરતાં ૨૨ ફૂટ નીચે છે. ધરોઈ ડેમમાં હાલ પ્રતિ સેંકડ ૧૦ હજાર ક્યુસેક પાણીની આવક છે.

આજે સવારે પાણીની આવક ૧૫ હજાર ક્યુસેક નોંધાઈ હતી. જો કે સાંજે આવકમાં ઘટાડો થયો છે પણ સારા વરસાદને કારણે પાણીની નવી આવક થતાં ઉત્તર ગુજરાતના લોકોએ રાહતનો દમ લીધો છે.



બોલ મારી અંબે, જયજય અંબે - પદયાત્રીઓનો સમૂહ વીસનગર - અંબાજી તથા હિંમતનગર - અંબાજીના માર્ગો પરથી જયજય અંબેના જયઘોષ સાથે પસાર થઈ રહ્યા છે... અંબાજી તરફના તમામ માર્ગો પર રાત-દિવસ પદયાત્રીઓ પસાર થઈ રહ્યા છે... સેવા કેન્દ્રો પર ભારે ધમધમાટ છે... જેમ જેમ આરાસુરી અંબા માતાજીનું મંદિર નજદીક આવતું જાય છે તેમ યાત્રિકોનો ઉત્સાહ બેવડાતો જાય છે... ગુજરાતની આ અલૌકિક ઘટના છે... સેંકડો ભાવિકો લાંબા અંતરની પદયાત્રા દ્વારા માતાજીના દર્શને જાય છે... (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# વાઈબ્રન્ટ ગુજરાત સંદર્ભે ખાસ ટીમ મોસ્કો પહોંચી

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટની આવૃત્તિને પ્રમોટ કરવા માટે મોસ્કો ખાતે રોડ-શોનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૩

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ-૨૦૧૫ની ૭મી આવૃત્તિનો પ્રમોટ કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીના અગ્રસચિવ જીસી મુર્મુની અધ્યક્ષતા હેઠળ ગુજરાત સરકારનું પ્રતિનિધિમંડળ ૩૧ ઓગસ્ટના રોજ મોસ્કોના પ્રવાસે ગયું હતું.

આ પ્રતિનિધિમંડળ ૭ દિવસીય કાર્યક્રમ અર્થે પ્રવાસ દરમિયાન રશિયા, પોલેન્ડ અને ચેક રિપબ્લિક મુલાકાત લેશે. ગુજરાત સરકાર ૨૦૦૩થી દર બે વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટનું આયોજન કરે છે. પ્રતિનિધિમંડળના અન્ય સભ્યોમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડના વાઈસ પ્રેસીડેન્ટ હેંમત દેસાઈ, અમુલના આરએસ સોઢી ટાટા કેમિકલ્સના સીઓઓ ઝરિર લંગરાણા, મમતા મશીનરીના સીએમડી મહેન્દ્ર પટેલ, કાર્પ ગ્રુપના મેનેજીંગ ડિરેક્ટર કિશોર વિરાણી, લાર્સન એન્ડ ટુબ્રોના ફિલ્લિપ અને અન્ય સમાવિષ્ય હતા.

પ્રવાસના પ્રથમ દિવસો પ્રતિનિધિમંડળે મોસ્કોમાં રોડ શોનું આયોજન કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# એન.એ.બી.એચ.ના ઈન્સ્પેકશનને લઈ હોસ્પિટલના કર્મીઓની રવિવારની રજા રદ કરાઈ

## આજે યલો કોડ આપતાં દોડધામ મચી પણ મોકડ્રીલ હોવાથી તંત્રએ રાહતનો દમ લીધો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આગામી તા. ૬ અને ૭ સપ્ટેમ્બરના રોજ એન.એ.બી.એચ.ના ઈન્સ્પેક્શન માટે આવી રહેલી ટીમની મુલાકાતને પગલે હોસ્પિટલના કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે. બીજી તરફ આજે યલો કોડ આપી હોસ્પિટલમાં એક મોકડ્રીલ પણ કરવામાં આવી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે એન.એ.બી.એચ.ની ટીમ ૬ અને ૭ સપ્ટેમ્બરના રોજ આવી રહી છે. ૭ સપ્ટેમ્બરના રોજ રવિવારની રજા પણ છે. પરંતુ હોસ્પિટલ સત્તાવાળાઓએ તાકીદનો નિર્ણય કરી અને તમામ કર્મચારીઓની રજા રદ કરી ફરજ પર હાજર રહેવા માટે જણાવી દેવામાં આવ્યું છે.

એન.એ.બી.એચ.ની ટીમનું ઈન્સ્પેક્શન આવી રહ્યું હોવાથી તંત્ર દ્વારા તમામ કર્મચારીઓને તાલિમ આપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ રિફ્રેશીંગ તાલિમનો અંતિમ દોર આજે પૂર્ણ થઈ ગયો છે.

બીજી તરફ આજે સાંજે ૫.૪૫ ના સુમારે યલો કોડ આપી અને તંત્રએ

● અનુસંધાન પાન-૭ પર


બિન સચિવાલય ક્લાર્ક 2444 જગ્યાઓ
અંગ્રેજી - ગુજરાતી વ્યાકરણ તથા સાહિત્ય / કોમ્પ્યુટર / જનરલ સ્ટડીઝ / બુધ્ધિ ચાતુર્ય કસોટી
તથા
આસીસ્ટન્ટ (સચિવાલય) (ગાણિતિક વિશ્લેષણ)
નવી પરીક્ષા પદ્ધતિ મુજબનું શ્રેષ્ઠ શિક્ષણ
તથા
રેવન્યુ તલાટી (મહેસુલ)
તથા
જેલ સિપાહી/કોન્સ્ટેબલ (કાયદાઓ)
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
સંપૂર્ણ સાહિત્ય FREE
(4 માસનો અભ્યાસ ક્રમ)
બ્રિલિયન્ટ માસ્ટર કોર્ષ-2014 નવી બેચ શરૂ

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર શાખા માટે | 19.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ / રવિ |
| | 08.09.2014 | બપોરના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 08.09.2014 | બપોરના 12-15 થી 1-45 | શુક્ર થી મંગળ |

1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આશીર્વાદ વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)




જોઈએ છે
એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ
કંપનીનું સ્વતંત્રપણે બેન્કીંગ અને એકાઉન્ટીંગનું કામકાજ સંભાળી શકે તેવા ૩ વર્ષ કે વધુ અનુભવી
સંપર્ક : સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.
૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર.
તા. ૬/૯/૧૪, સમય : ૧૧-૩૦ કલાકે



PDPU
PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY
RAISAN, GANDHINAGAR - 382 007
CENTER OF CONTINUING EDUCATION
New Batch for IAS/IPS/IFS/IRS...
UPSC Preliminary Exams and Main Exams 2015 at Affordable fees
IAS Coaching (English Medium)
Option I Prelims (GS + CSAT) 5 Months
Option II Mains (General Studies I to IV,Essay & Interview Guidance) 7 Months
Option III Prelims + Mains 1 Year
New Batch for 2015 starts from 28th September, 2014
For Details: bipin.mehta@pdpu.ac.in



પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



જન્મતારીખ : ૧૯-૦૭-૧૯૪૨ સ્વ.તા.૦૪-૦૯-૨૦૧૩
સ્વ.પૃથ્વીસિંહ ગોપાળસિંહ વાઘેલા(પૂર્વ સરપંચ શ્રી)
ગં.સ્વ.વાઘેલા વસુબા પૃથ્વીસિંહ
લિ.
વાઘેલા રાજેન્દ્રસિંહ પૃથ્વીસિંહ - વાઘેલા નીરૂબા રાજેન્દ્રસિંહ
વાઘેલા પ્રદિપસિંહ પૃથ્વીસિંહ - વાઘેલા રમીલાબા પ્રદિપસિંહ
વાઘેલા ગિરીશસિંહ પૃથ્વીસિંહ - વાઘેલા હિનાબા ગિરીશસિંહ
મુ. નવા, તા. કલોલ, જી.ગાંધીનગર



ગાંધીનગર ઝોન પ્રસ્તુત કરે છે...
બેંક ઓફ ઇન્ડિયા
BOI ★ હોમ લોન @ 10.20 %
BOI ★ પ્રોપર્ટીની સામે લોન @ 11.70 %
Call : 95865 87412 (079) 23244819 Email: rbc.gandhinagar@bankofindia.co.in